**CRMA NO. 429/2026.**

ફોજદારી કેસ નં.૧૮૩૦/૨૦૨૫, ગાંધીધામ સાયબર ક્રાઈમ પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૯૯૩૦૧૬૨૫૦૦૦૧/૨૦૨૫,બી.એન.એસ.કલમ–૨૦૪,૨૦૫, ૩૦૮ (૬), ૩૩૬ (૩) , ૩૪૦(૨),૨૩૮,૫૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના ગુનાના કામના આરોપી ગોવિંદ ભુરીયાભાઈ રાવલ, ઉ.વ.૩૨, રહે. અંજલી ક્રોસ રોડ, આઈ.ઓ.સી. પેટ્રોલપંપની સામે, જય અંબેનગર, નારણભાઈ રબારીની ચાલી, વાસણા, અમદાવાદ, હાલે (અરજદાર/આરોપી જયુડી કસ્ટડી ગળપાદર જીલ્લા જેલ)માં નાઓની દિન–૩૦ ના વચગાળાની જામીન મેળવવાની જામીન અરજી લગત હુકમ.

(૧) જામીન અરજી વંચાણે લીધી, આરોપીએ હાલની અરજી તેમના વિ.વ.શ્રી એ.યુ. ચાવડા તથા વિ.વ.શ્રી એચ.આર. પ્રજાપતિ મારફતે રજુ રાખેલ છે જે ધ્યાને તથા વંચાણે લીધી તથા તેઓની રજુઆત સાંભળી તથા ફરીયાદપક્ષ તરફે એ. પી. પી. શ્રી પટેલની રજુઆત સાંભળી તથા એ.પી.પી.શ્રી પટેલનો શેરો ધ્યાને લીધો.

(૧.૧) હાલની અરજી લગત આરોપીએ અરજી અનુસારની રજુઆત કરી, વચગાળાની જામીન અરજી મંજુર કરવા વિનંતિ કરેલ છે. વધુમાં તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીના પત્ની અને એક પુત્ર છે, આરોપીનો પુત્ર ૯ વર્ષનો છે, આરોપીના પરીવારમાં બીજુ કોઈ મોટુ નથી અને આરોપીની પત્ની આરોપીના પુત્ર સાથે વાસણા, અમદાવાદ મધ્યે રહે છે, આરોપીના પરીવારની જવાબદારી તેઓના ઉપર છે તેમજ આરોપી પર ઘરની તમામ જવાબદારી રહેલ છે તેમજ ઘરની આર્થીક પરીસ્થીતી નબળી હોવાના કારણે પરીવાર માટે બીજુ કોઈ કમાવા માટે સાધન નથી અને ઘર માટે રુપિયાની જરુરત હોતા, જીવન જીવા માટે તમામ સગવડ કરવી ખુબજ જરુરી છે તેના કારણે આરોપી એક પતિ અને પિતા તરીકે તેઓની ફરજ મુજબ તેઓના ઘરની પરીસ્થીતી સારી ન હોય રુપિયા સગવડ કરવાની હોય તેમજ રુપિયાની સગવડ કરી પરીવાર વાળાની જરુર પુરી કરી શકે તેનાથી પરીવાર વાળા જીવન આરામ થી જીવી શકે અને જીવન હોશીયારુ ન જીવુ

પડે તે તમામ વ્યવસ્થા કરવા માટે આરોપીની ફરજ રહેલ છે, એક પિતા તરીકેની તેઓની ફરજ નિભાવવાની હોય જેથી ભવિષ્યમાં કોઈ જ તકલીફ ન પડે વગેરેની રજુઆત કરી વચગાળાના દિન–૩૦ ના સમય માટે જામીન મૂકત કરવા અરજ કરેલ છે.

(૨) હાલની અરજીનો ભારપુર્વક વિરોધ કરતા ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી પટેલનાઓએ રજુઆત કરેલ છે કે, આરોપી સામે બી.એન.એસ.કલમ–૨૦૪, ૨૦૫, ૩૦૮(૬), ૩૩૬(૩), ૩૪૦(૨), ૨૩૮, ૫૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના જઘન્ય અને ગંભીરતા ગુનાનો આક્ષેપ છે અને ત.ક.અમલદારે તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે જેથી હાલના આરોપી તથા અન્ય આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ ઉપરાંત પણ સક્ષમ પુરાવો છે, જેથી આરોપીની હાલની અરજી મંજુર કરવા સામે સખ્ત વાંધો છે અને અરજી નામંજુર કરવા વિનંતિ કરેલ છે. વધુમાં રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના આરોપી તથા અન્ય આરોપીઓના એકબીજાના મીલાપીપણામાં આરોપીને ગુન્હામાં સંડોવાયેલા રુપિયા આંગડીયા મારફતે મોકલાવેલ છે અને હાલના આરોપી તથા અન્ય આરોપીઓને તે રુપિયા મોકલાવેલ છે. આમ, રુપિયા આપેલ હોવાનું જણાવેલ છે. હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ એકબીજાના મીલાપીપણામાં ફરિયાદીને ડીજીટલ એરેસ્ટ રૂા.૩૬,૫૦,૦૦૦/– ની છેતરપીંડી કરેલ છે અને આરોપીઓ ધ્વારા દિલ્હી પોલીસના નામે તેમજ સી.બી.આઈ.ના નામે ઓળખ આપેલ છે અને તે રીતે ખોટી ઓળખ દર્શાવી છેતરપીંડી આચરેલ છે. હાલનું કામ નાજુક તબકકામાં છે. વધુમાં શેરો કરેલ છે કે, સદર આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે, આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. હાલના તબકકે આરોપી સામે યુ.ટી.પી. ટ્રાયલ પણ શરુ થયેલ છે જેથી આરોપી વચગાળાના જામીન ઉપર મૂકત કરવા સામે

સખ્ત વાંધો હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવે છે કે, ચાર્જશીટ થઈ ગયેલ છે અને ટ્રાયલ ચાલુ હોઈ અને હાલના તબકકે આરોપીને વચગાળાના જામીન પર જામીન મૂકત કરવામાં આવે તો ફરિયાદપક્ષના સાહેદોને ધમકાવે તેમ હોય અને પુરાવા સાથે ચેડા કરે તેમ હોય, જેથી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા વિનંતિ કરેલ છે.

(૩) પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લઈ હાથ પરના કેસનું ચાર્જશીટ તથા ચાર્જશીટની સાથે રજુ રાખેલ પોલીસ તપાસના કાગળો જોવામાં આવે તો હાલના આરોપી તથા અન્ય સહઆરોપીઓએ એકબીજાના મીલાપીપણામાં આંગડીયા મારફતે રુપિયા આપેલ હોવાનું તેમજ સદર કામે ચાર્જશીટ તથા તેની સાથે રજુ રાખેલ પેપર્સ વંચાણે લેતા, ફરિયાદીને વોટસએપ ધ્વારા વિડીયોકોલ કરી પોલીસ વર્ધીમાં પોલીસ સ્ટેશનનો દેખાવ ઉભો કરી, દિલ્હી પોલીસ તરીકેની ઓળખ આપી તેમજ સી.બી.આઈ.ના લેટરપેડ ઉપર ખોટા રીપોર્ટ વોટસએપ કરી, ફરિયાદીને ડરાવી, ધમકાવી ડીજીટલ એરેસ્ટ કરી રૂ.૩૬,૫૦,૦૦૦/- એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવડાવી, માનસીક અને શારીરીક ટોર્ચર કરી ગુનો આચરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે અને હાલના કામે સઘન તપાસના અંતે ત.ક.અમલદારે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ છે અને જેથી આરોપીઓએ આવો ગુનો કરેલ હોવાની હકિકતને પ્રથમ દર્શનીય રીતે બળ મળતું હોવાનું જણાય આવે છે અને ટ્રાયલ ચાલુ થઈ ગયેલ છે અને ફરિયાદી સાહેદોને સમન્સ કાઢવામાં આવેલ છે જે બજતા ફરિયાદી હાજર થયેલ છે અને ફરિયાદી હાજર થયેલ છે અને ફરિયાદીનો પુરાવો પૂર્ણ થયેલ છે અને અન્ય સાહેદોનો પુરાવો લેવાની પ્રક્રિયા એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ અને તેથી આવા નાજુક તબકકામાં કેસ કાર્યવાહી ચાલી રહી છે ત્યારે હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ આચરેલ ગુનો ખુબજ ગંભીર પ્રકારનો હોય અને સમાજમાં આવા ગુનાઓનું સતત પ્રમાણ વધતુ રહેલ છે અને આરોપી વિરુધ્ધના

આક્ષેપીત ગુનામાં અત્રેની અદાલતને જામીન મૂકત કરવાની વિવેકાધીન સત્તાઓ રહેલ છે પરંતુ જયારે આવા ગુનાઓનું પ્રમાણ દિન –પ્રતિદિન સતત પણે વધી રહેલ છે ત્યારે આરોપીને દિન–૩૦ ના વચગાળાના જામીન ઉપર જામીન મૂકત કરવામાં આવે તો તેની સમાજ પર વિપરીત અસર પડે અને અન્ય લોકોને પણ આવા અપરાધ કરવાનું પ્રોત્સાહન મળે તેમ છે. વધુમાં, અન્ય સહ આરોપી બ્રિજરાજસિંહ ગઢવીનાઓને નામદાર અમદાવાદની કોર્ટની કસ્ટડીમાં સાબરમતી જેલ ખાતે રહેલ હોય તેઓને ટ્રાન્સફર વોરંટના આધારે હાલના ગુનાના કામે અરેસ્ટ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા જણાય આવે છે. આમ, હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ એક બીજાના મીલાપીપણામાં આવા આક્ષેપીત ગુનો કરવાની ટેવવાળો હોવાનું માની શકાય તેમ છે ત્યારે આરોપીની રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. વધુમાં, આરોપીએ હાલની અરજીમાં દિન–૩૦ ના વચગાળાના જામીન પર મૂકત થવા જે કારણો જણાવેલ છે તે કારણો ધ્યાને લેતા પણ તથા ઉપરોકત આક્ષેપીત ગુનો, ગુનાનો પ્રકાર, ગુનો આચરવામાં આરોપીનો ભજવેલ ભાગ, સમાજ પરની અસરો તથા હાલમાં આવા ડીઝીટલ અરેસ્ટના ગુનાઓનુ પ્રમાણ ખુબજ માત્રમાં વધી રહેલ છે ત્યારે આરોપીને વચગાળાના જામીન પર જામીન મૂકત કરવો વ્યાજબી ન્યાયીક કે ન્યાયોચિત જણાતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

આ કામના આરોપી ગોવિંદ ભુરીયાભાઈ રાવલ, ઉ.વ.૩૨, રહે. અંજલી ક્રોસ રોડ, આઈ.ઓ.સી. પેટ્રોલપંપની સામે, જય અંબેનગર, નારણભાઈ રબારીની ચાલી, વાસણા, અમદાવાદ, હાલે (અરજદાર/આરોપી જયુડી કસ્ટડી ગળપાદર જીલ્લા જેલ)નાઓની

હાલની દિન–૩૦ ની વચગાળાની જામીન મેળવવાની જામીન અરજી આથી

**નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા–૧૭–મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ: – ૧૭/૦૩/૨૦૨૬
સ્થળ : – ગાંધીધામ– કચ્છ

(મહેન્દ્રકુમાર બી.પરમાર)
અધિક ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ,
ગાંધીધામ કચ્છ.
(જીજે૦૦૮૭૧)